# ખેતી નિયામકશ્રીની કચેરી
# કૃષિભવન, ગાંધીનગર.
# ઇકોસ્ટેટ શાખા
# પ્રકરણ-૧ પ્રસ્તાવના

- ભારત સરકારશ્રીએ તા.૧૨/૧૦/૨૦૦૫થી અમલમાં આવેલ તે પ્રમાણે માહિતી અધિકાર અધિનીયમ, ૨૦૦૫ની રચના કરેલ છે જે મુજબ ભારતનો કોઇ પણ નાગરિક નિયત ફી ચૂકવી અથવા ગરીબી રેખાથી નીચે જીવતો હોય તો વિના મૂલ્યે સરકારશ્રી પાસેથી માહિતી માગી શકે છે.
- આ પુસ્તિકા દ્વારા ખેતી ખાતાને લગતી માહિતી નાગરિકો મેળવી શકે તે અંગેની વિગત આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.
- આ પુસ્તિકા માહિતી મેળવવા ઇચ્છતા ભારતના કોઇપણ નાગરિકને ઉપયોગી નીવડશે.
- આ પુસ્તિકામાં પ્રકરણ ૧ થી ૧૭ માં માહિતી પત્રકવાર અને અથવા મુદ્દાવાર આપવામાં આવેલ છે. સદરહુ માહિતી અધ્યતન કરવામાં આવી રહી છે.
- આ અંગે માહિતી આર.ટી.આઇ.એક્ટ ૨૦૦૫ની ગુજરાતી નકલમાં તેમજ આ અંગેના નિયમો દર્શાવવામાં આવેલ છે. તે મુજબ વ્યાખ્યાઓ ધ્યાને લેવાની રહેશે.
- આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તે માહિતી મેળવવા માટેની કાર્યપધ્ધતિ કઇ માહિતી માગી છે તેના આધારે કહી શકાશે. અરજી પત્રકની ફી રૂ.૨૦.૦૦ છે અને એક પાનાદીઠ માહિતીના રૂ.૨.૦૦ તેમજ સીડી અથવા ફ્લોપીમાં માહિતી માટે રૂ. ૫૦.૦૦ ફી પેટે ચૂકવવાના રહેશે. ગરીબી રેખાની નીચે જીવતા નાગરિકે કોઇપણ પ્રકારની ફી ચૂકવવાની રહેતી નથી પરંતુ પોતે ગરીબી રેખા હેઠળ જીવે છે તે અંગેનો આધાર રજુ કરવાનો રહેશે.

# પ્રકરણ-૨ શાખાની વિગતો, કાર્યો અને ફરજો

## એગ્રીકલ્ચર સેન્સસ ઇકોસ્ટેટ વિભાગની યોજના છે. જેમાં રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતોની ગણના દર પાંચ વર્ષે કરવામાં આવે છે.

## ૧. એગ્રીકલ્ચર સેન્સસ યોજના

### o યોજનાના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે.

The main objectives of Agriculture Census are as follow:

- To describe the structure and characteristics of agricultural by providing statistical data on operational holdings, including land utilization, live-stock, agriculture machinery and implements, use of fertilizers etc.
- To provide benchmark data needed for formulating new agriculture development programme and for evaluating their progress.
- To provide basic frame of operational holdings for carrying out the future programme and for evaluating their progress.
- To lay a basis for developing an integrated programme for current agriculture statistics.

### o કાર્યો અને ફરજો :

- ખેતી વિષયક ગણના એ રાજયનાં મહેસુલ વિભાગ દ્વારા સંચાલીત ૧૦૦% કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. ખેતી વિષયક ગણના ભારત સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં દર પાંચ વર્ષે યોજવામાં આવે છે.
- ખેતી વિષયક ગણના ૨૦૧૫-૧૬ એ રાજયની દસમી ખેત વિષયક ગણના છે. અગ્ર સચિવશ્રી (મહેસુલ) હોદ્દાની રૂએ રાજયના એગ્રીકલ્ચરલ સેન્સસ કમિશ્નરશ્રી છે જયારે ભારત સરકારશ્રી તરફથી નિયત ક્રેલ મહેકમ પૈકી સંયુક્ત ખેતી નિયામકશ્રી (એ.સે.) ગાંધીનગર આ યોજનાની રાજય કક્ષાની તાંત્રિક કામગીરી સંભાળે છે.
- ખેતી વિષયક ગણનાના પ્રથમ તબક્કામાં ગુજરાત રાજયનાં તમામ ગામોનાં ખાતેદાર ખેડૂતોની સંખ્યા અને તેઓ હસ્તકના ઓપરેટેડ વિસ્તારની વિગતો એકત્રીત કરવામાં આવે છે. ક્ષેત્રિય કક્ષાએથી કદવાર, વર્ગવાર અને સામાજિક દરજ્જાવાર ખાતેદાર ખેડૂતોની સંખ્યા તેમજ તેના વિસ્તાર અંગેની આંકડાકીય માહિતી એકત્રીત ક્રવામાં આવે છે.
- બીજા તબક્કામાં સંદર્ભ વર્ષ માટે ટી.આર.એસ. યોજના અંતર્ગત પસંદ થયેલ ૨૦% ગામોના તમામ ખાતેદાર ખેડૂતોની ઓપરેશનલ હોલ્ડીંગને લગતી માહિતી જેવી કે

માલિકી, જમીન વર્ગીકરણ, પિયત વિસ્તાર, પાક પધ્ધતિ જેવી મૂળભૂત કક્ષાની વિગતો નિયત નમૂનામાં એકત્રીત કરવામાં આવે છે.

- ખેતી વિષયક ગણનાના પ્રથમ અને બીજા તબક્કાની ક્ષેત્રીય કામગીરી તલાટી કમ મંત્રીશ્રી દ્વારા કરવામાં આવે છે. તલાટી-કમ-મંત્રીશ્રી દ્વારા થતી આ કામગીરીનું સંકલન / સુપરવિઝન - સર્કલ ઇન્સ્પેકટર/ સર્કલ ઓફિસર, મામલતદારશ્રી, પ્રાન્ત અધિકારીશ્રી, નાયબ કલેકટરશ્રી સંભાળે છે. જયારે જિલ્લામાં એગ્રી. સેન્સસની સંકલનની સઘળી જવાબદારી કલેકટરશ્રીની રહે છે.
- ત્રીજો તબક્કો એટલે કે ઇનપૂટ સર્વે હેઠળ પસંદ થયેલ ૭% ગામોના ૨૦-૨૦ ખાતેદાર ખેડૂતોની નિયત નમૂનામાં માહિતી આંકડા અધિકરીશ્રીઓ અને ખેતી અધિકરીશ્રીઓ દ્વારા એકત્ર થાય છે. જેનું સંકલન, સુપરવિઝન જિલ્લા કક્ષાએ જિલ્લા આંકડા અધિકારીશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી કરે છે.
- ઇનપુટ સર્વે અંતર્ગત પસંદ થયેલ ગામના જુદા-જુદા કદના કુલ ૨૦-૨૦ ખાતેદાર ખેડૂતોની માલિકીની, ભાડાની જમીનની વિગત, પિયત/ બીન પિયત હેઠળના વિસ્તાર, ખરીફ-રવી ઋતુના જુદા જુદા પાક હેઠળના વિસ્તાર, ખાતર વપરાશ, ઢોરઢાંખર અંગેની વિગત, ખેત ઓજારો, યંત્રોની વિગત, ખેત ધીરાણ અને બિયારણ વપરાશ અંગેની વિવિધ માહિતી તૈયાર કરવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકારશ્રી દ્વારા નિયત થયેલ નમૂનાઓમાં જરૂરી માત્રાના પત્રકોનું છાપકામ, વિતરણ તેમજ ગુજરાતીકરણ કરી જરૂરી તાલીમ તેમજ માર્ગદર્શિકાઓ સબંધિત ક્ષેત્રિય કાર્યકરોને પહોંચાડવામા આવે છે. ક્ષેત્રિય કક્ષાએથી તલાટી કમ મંત્રીશ્રી દ્વારા તૈયાર થયેલ માહિતીની સ્ક્રુટીની અને કોડીંગની કામગીરી ભારત સરકારશ્રી તેમજ મહેસુલ વિભાગની મંજુરી મળેથી ખેતી નિયામકશ્રી હસ્તકના સ્ટાફ મારફતે નિયત મહેનતાણાના ધોરણે કરાવવામાં આવે છે. ત્યારબાદ કેન્દ્ર સરકારશ્રી તરફથી વિવિધ પત્રકોની ડેટા એન્ટ્રી માટેનો સોફટવેર/ પ્રોગ્રામ તૈયાર કરી તેઓ દ્વારા નિયત થયેલ ડેટા એન્ટ્રી એજન્સી મારફતે ડેટા એન્ટ્રી અને વેલીડેશનની કામગીરી કરવામાં આવે છે.
- ડેટા એન્ટ્રી, વેલીડેશન જેવી કામગીરી પૂર્ણ થયા બાદ ભારત સરકારશ્રી દ્વારા નિયત થયેલ વિવિધ પત્રકોમાં અહેવાલ-૧ ટેબલ: ૧ (ખાતેદાર ખેડૂતોની સંખ્યા તેમજ તેઓ હસ્તક્ના ઓપરેટેડ વિસ્તાર) અહેવાલ-૨ ટેબલ: ૨ થી ૭ (પસંદ થયેલ ૨૦% ગામોના તમામ ખાતેદાર ખેડૂતોની ઓપરેશનલ હોલ્ડીંગની જમીન વપરાશની માહિતી) અને અહેવાલ-૩ ઇનપૂટ સર્વેની માહિતી તબક્કાવાર પ્રસિધ્ધ કરવામાં આવે છે.

- ખેતી વિષયક ગણનાની આ માહિતી ખેતી વિષયક વિકાસ કાર્યક્રમોના આયોજન તેમજ તેના મુલ્યાંકન, ખેતી વિષયક અર્થશાસ્ત્ર, ખેત ધીરાણ તેમજ વિવિધ સંશોધનોમાં વિવિધ સંસ્થાઓ મારફત બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે.

## પ્રકરણ-૩ અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

| અ.નં. | અધિકારી/કર્મચારીનો હોદ્દો | નાણાંકીય સત્તા | વહીવટી સત્તા | અન્ય સત્તા | ફરજો |
|---|---|---|---|---|---|
| ૧. | સંયુક્ત ખેતી નિયામક (એ.સે.) | | | | યોજના અમલીકરણ |
| ૨ | નાયબ ખેતી નિયામક (ટેબ્યુ.) | | | | યોજના અમલીકરણ |
| ૩. | મદદનીશ ખેતી નિયામક (પ્રો) | | | | યોજના અમલીકરણ |
| ૪ | ખેતી અધિકારી (એસે) | | | | યોજના અમલીકરણ |

## પ્રકરણ-૪

## કાર્યો કરવા માટેના નિયમો, વિનિમયો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરો

(૧) ગુજરાત સિવિલ સર્વીસ રૂલ્સ

(૨) સરકારશ્રીના ઠરાવ

(૩) એસ.ઓ.ફાઇલ

(૪) પરિપત્રો

## પ્રકરણ-૫

## નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ-પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઇ વ્યવસ્થા હોય તો તેની વિગત

-----------નથી----------

## પ્રકરણ-૬

## જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનુ પત્રક

--------નથી----------

## પ્રકરણ-૭

## યોજનાના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક

-----------નથી----------

## પ્રકરણ-૮

## જાહેર માહિતી અધિકારીનું નામ, હોદ્દો અને અન્ય વિગતો

- શ્રી કે. એચ. પટેલ
  નાયબ ખેતી નિયામક (ટેબ્યુ)
  રૂમ નં-૪૦૯, અંક શાખા, ઇકોસ્ટેટ વિભાગ,
  ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિભવન,
  ચ-રોડ, સેક્ટર ૧૦-એ,
  સંપર્ક- ૦૭૯-૨૩૨-૫૬૨૦૫

# પ્રકરણ-૯

## નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ

૧. નોંધ

૨. મુસદ્દો મંજૂર કરાવવો

૩. અમલીકરણ

૪. નિર્ણય લેનાર અંતિમ સત્તાધિકારી ખાતાના વડા છે.

નિર્ણય લેવાની સત્તા નીચે મુજબ છે.

ખેતી નિયામક

↑

સંયુક્ત ખેતી નિયામક

↑

નાયબ ખેતી નિયામક

↑

મદદનીશ ખેતી નિયામક

↑

ખેતી અધિકારી

## પ્રકરણ-૧૦

## અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા

| ક્રમ | અધિકારી અને કર્મચારીનુ નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી એમ. બી. પટેલ | સંયુક્ત ખેતી નિયામક (એ.સે.),<br>-વ- એપેલેટ ઓથોરીટી |
| ૨. | શ્રી કે. એચ.પટેલ | ના.ખે.નિ (ટેબ્યુ), -વ- જાહેર માહિતી અધિકારી |
| ૩. | શ્રી એસ. કે. પટેલ | મદદનીશ ખેતી નિયામક (પ્રો.) |
| ૪ | શ્રી એસ. સી. પરમાર | ખેતી અધિકારી |
| ૫. | સુશ્રી ડી. જે. વ્યાસ | ખેતી અધિકારી |

## પ્રકરણ-૧૧

## વિનિયમોમાં જોગવાઇ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારીઓ અને કર્મચારીને મળતુ માસિક મહેનતાણુ

| ક્રમ | અધિકારી અને કર્મચારીનું નામ | પગાર |
|---|---|---|
| ૧ | શ્રી એમ. બી. પટેલ | ૭૮૮૦૦-૨૦૯૨૦૦ (પે મેટ્રીક્સ મુજબ) |
| ૨. | શ્રી કે. એચ. પટેલ | ૬૭૭૦૦-૨૦૮૭૦૦ (પે મેટ્રીક્સ મુજબ) |
| ૩. | શ્રી એસ. કે. પટેલ | ૫૩૧૦૦-૧૬૭૮૦૦ (પે મેટ્રીક્સ મુજબ) |
| ૪. | શ્રી એસ. સી. પરમાર | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ (પે મેટ્રીક્સ મુજબ) |
| ૫. | સુશ્રી ડી. જે. વ્યાસ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ (પે મેટ્રીક્સ મુજબ) |

## પ્રકરણ-૧૨

## પ્રત્યેક સંસ્થાને ફાળવેલ અંદાજપત્ર

માહિતી શૂન્ય છે.

## પ્રકરણ-૧૩

## સહાયકો કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ

---અત્રેની શાખામાંથી સહાયની કોઇ યોજના અમલમાં નથી.---

## પ્રકરણ-૧૪

## આવેલ રાહતો, પરમિટ કે અધિકૃત મેળવનારની વિગતો

---માહિતી શુન્ય છે.---

## પ્રકરણ-૧૫

## કાર્યો કરવા માટે નક્કી કરેલા ધોરણો

-----------નથી----------

## પ્રકરણ-૧૬ વીજાણુરૂપે ઉપલબ્ધ માહિતી

## વખતોવખત એગ્રી સેન્સસ યોજનાનો અહેવાલ ઇન્ટરનેટ/ખાતાની વેબસાઇટ ઉપર મુકવામાં આવી રહી છે.

## પ્રકરણ-૧૭

## માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો

૧. નોટીસ બોર્ડ

૨. પ્રો-એક્ટીવ ડીસ્કલોઝર